# કેજરીવાલની રાજનાથ-નાયડુ સાથે બેઠક

નવીદિલ્હી,તા. ૧૧

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ અને ઐતિહાસિક જીત મેળવી લીધાના એક દિવસ બાદ એએપીના નેતા અને દિલ્હીના નિયુક્ત મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ અને શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુને મળ્યા હતા અને રાષ્ટ્રીય પાટનગરના વિકાસ માટે સહકારની માંગ કરી હતી. આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલની સાથે મનિષ સિસોદિયા પણ રહ્યા હતા. બંનેએ રાજનાથસિંહ અને નાયડુ સાથે સાનુકુળ વાતાવરણમાં ચર્ચા કરી હતી. નિર્માણ ભવનમાં સવારે સિસોદિયા અને કેજરીવાલ નાયડુને મળ્યા હતા. બીજી બાજુ નાયડુએ એએપીના નેતૃત્વમાં દિલ્હી અને કેન્દ્રમાં ભાજપ સરકાર વચ્ચે કોઈપણ મતભેદ રાખ્યા વગર સંપૂર્ણ સહકાર સાથે કામ કરવાની કેજરીવાલને ખાતરી આપી હતી.



દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા સાથે સંબંધિત મુદ્દો પણ છવાયો હતો. ગઈકાલે ૭૦ સભ્યોની વિધાનસભાની ચૂંટણીમાં એએપીને ૬૭ બેઠકો મળી હતી જ્યારે ભાજપને માત્ર ત્રણ બેઠકો મળી હતી. કોંગ્રેસને કોઈ બેઠક મળી ન હતી. ગેરકાયદે કોલોનીના મુદ્દે અમને કેન્દ્ર સરકારની મદદની જરૂર છે. દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી અને મ્યુનસિપિલ કોર્પોરેશનના સહકારની પણ જરૂર છે. મિડિયા સાથે વાતચીત કરતા સિસોદિયાએ કહ્યું હતું કે, અમને વધુ સ્કૂલો, કોલેજો, હોસ્પિટલો અને પાર્કિંગના નિર્માણ માટે વધુ જમીનની જરૂર છે. ડીડીએ દ્વારા આ સુવિધા માટે જમીનની ફાળવણી કરવામાં આવે તે જરૂરી છે. સૂત્રોએ કહ્યું હતું કે, મોડેથી કેજરીવાલ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને પણ મળ્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને પણ મોડેથી મળ્યા હતા. કેજરીવાલ રચનાત્મક સહકારની વાત કરીને આગળ વધી રહ્યા છે. દિલ્હીમાં ઝડપી વિકાસના હેતુસર કામ કરવાની વાત તેઓ પહેલાથી જ કરી ચુકયા છે. એએપીના વડા કેજરીવાલે રાજનાથસિંહ સાથે અને



નાયડુ સાથે થયેલી બેઠક અંગે ટ્વિટર પર માહિતી આપી હતી. દિલ્હી માટે સંપૂર્ણ રાજ્યના દરજ્જાની માંગ કરાઈ હતી. નાયડુએ પણ તમામ સહકારની વાત કરી હતી.

૧૪મીએ નવી સરકાર શપથલેનાર છે. રામલીલા મેદાન ખાતે ૧૪મીએ અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે. એએપી દ્વારા વડાપ્રધાનને પણ આમંત્રણ અપાયું છે. આજે રાષ્ટ્રપતિ સાથે પણ બેઠક યોજવામાં આવી હતી.

## કેજરીવાલ આજે નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે

નવીદિલ્હી,તા. ૧૧

એએપીના નેતા અને દિલ્હીના નિયુક્ત મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલે ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળનાર છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે રામલીલા મેદાન ખાતે યોજાનાર શપથવિધિમાં પણ તેઓ હાજરી આપે તે માટે આમંત્રણ આપવામાં આવશે. પક્ષના સૂત્રોએ કહ્યું છે કે, વડાપ્રધાન પાસેથી સમયની માંગ કરવામાં આવી છે. કેજરીવાલ આવતીકાલે સવારે ૧૦.૩૦ વાગે મોદીને મળશે. તેઓ શપથવિધિમાં ભાગ લેવા વડાપ્રધાનને આમંત્રણ પણ આપશે. ૭૦ સભ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ૬૭ બેઠકો જીતીને ઈતિહાસ સર્જ્યા બાદ તરત જ વડાપ્રધાને ફોન કરીને કેજરીવાલને અભિનંદન આપ્યા હતા તથા રાષ્ટ્રીય પાટનગરના વિકાસ માટે કેન્દ્ર પાસેથી સહકારની ખાતરી પણ આપી હતી. કેજરીવાલે પણ મોદીનો આભાર માન્યો હતો અને દિલ્હી સાથે સંબંધિત મુદ્દા પર ચર્ચા કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આવી સ્થિતિમાં આવતીકાલે આ બેઠક યોજાનાર છે જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા થશે. કેજરીવાલ અને મોદી વચ્ચેની બેઠક ઉપર તમામની જરૂર રહેશે. કારણ કે, મોદી અને કેજરીવાલ હજુ સુધી ક્યારે પણ મળ્યા નથી. તેમની વચ્ચે આ પ્રથમ બેઠક રહેશે. કેજરીવાલ આજે તેમના સાથીઓ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ અને વેંકૈયા નાયડુને મળ્યા હતા. કેટલાક લોકોનું કહેવું છે કે, આદર્શ શાસ્ત્રી આ વખતે સૌથી પ્રબળ દાવેદાર દેખાઈ રહ્યા છે. કારણ કે તેવોએ વાઈફાઈ સ્કીમની પહેલ કરી છે.

# નિતીશ કુમારની લીડર તરીકે ચૂંટણી ગેરકાયદેસર છે : કોર્ટ

પટણા,તા. ૧૧

બિહારના પૂર્વ મુખ્યમંત્રી નિતીશકુમારને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, પટણા હાઈકોર્ટે જેડીયુ વિધાનસભા પાર્ટીના નેતા તરીકે તેમની હાલની ચૂંટણીને ગેરબંધારણીય ગણાવી હતી. બિહારના મુખ્યમંત્રી જીતનરામ માંઝીના વફાદાર જેડીયુના ધારાસભ્ય રાજેશ્વર રાજ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. રાજેશ્વર રાજે નિતીશકુમારની ચૂંટણીને પડકાર ફેંકીને ગેરકાયદે ગણાવી હતી. પોતાની અરજીમાં રાજે દાવો કર્યો હતો કે, જેડીયુના વડા શરદ યાદવે ગેરકાયદેરીતે વિધાનસભા પાર્ટીની બેઠક બોલાવી હતી જેમાં નિતીશકુમારને નેતા તરીકે ચૂંટી



કાઢવામાં આવ્યા હતા. બેઠક બોલાવવાના યાદવના નિર્ણયને માંઝીએ ગેરકાયદે ગણાવ્યો હતો અને પૂર્વ મુખ્યમંત્રીની ચૂંટણી સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. કારણ કે બિહારમાં જેડીયુ દ્વારા છ વર્ષ માટે માંઝીની હકાલપટ્ટી કરવામાં આવી ચુકી છે.

શિસ્તના આધાર પર તેમની હકાલપટ્ટી થયેલી છે. નાટ્યાત્મક ઘટનાક્રમમાં નિતીશકુમાર અને તેમના સમર્થકો બિહારના રાજ્યપાલ ત્રિપાઠીને મળ્યા છે અને કહ્યું છે કે, માંઝી બહુમતિ ધારાસભ્યોનો ટેકો ધરાવતા નથી જેથી તેમને બિહારના મુખ્યમંત્રી તરીકે તરત દૂર કરવા જોઈએ. નિતીશકુમાર તેમની પાર્ટીના ૧૩૦ ધારાસભ્યો સાથે દિલ્હી પહોંચી ચુક્યા છે. તેવો રાષ્ટ્રપતિને મળનાર છે. રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી દ્વારા સરકાર રચવા તેમને આમંત્રણ આપવામાં વિલંબ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

# ફરી સલામતી છત્ર લેવા કેજરીવાલે ઈનકાર કર્યો

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીના નિયુક્ત મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે સુરક્ષા છત્ર લેવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. કેજરીવાલ આજે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને મળ્યા હતા. પક્ષના સૂત્રોએ કહ્યું હતું કે, અખબારો મારફતે અમને જાણવા મળી રહ્યું છે કે, કેજરીવાલને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવશે પરંતુ તેઓ લોકોના નેતા છે જેથી કોઈ સુરક્ષાની જરૂર નથી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ કેજરીવાલ આજે રાજનાથસિંહને મળ્યા હતા અને વિવિધ મુદ્દા પર ચર્ચા કરી હતી. ગૃહપ્રધાનને પણ શપથવિધિમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. અગાઉ કેજરીવાલ અન્ય પ્રધાનોને પણ મળ્યા હતા. એમસીડી, ડીડીએ અને સેન્ટર પાસેથી સહકારની માંગ કરવામાં આવી છે.મળેલી માહિતી મુજબ દિલ્હી પોલીસ એએપીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અરવિંદ કેજરીવાલને ઝેડ કેટેગરીની સુરક્ષા આપવાનો નિર્ણય કર્યો છે. તેમની આસપાસ ૨૫થી ૩૦ સુરક્ષા જવાનોનો કાફલો રહેશે. જો કે, આજે કેજરીવાલે સુરક્ષા લેવાનો ઈન્કાર કર્યો હતો. તેમની સુરક્ષાને લઈને ફરી એકવાર ખેંચતાણ શરૂ થાય તેવા સંકેત છે. કેજરીવાલ હાલમાં ૧૨ સુરક્ષા જવાનો ધરાવે છે. કેજરીવાલની સુરક્ષાને લઈને ભારે હોબાળો રહ્યો હતો. દિલ્હી પોલીસે શરૂઆતમાં તેમને પીએસઓની ઓફર કરી હતી પરંતુ તેઓએ સુરક્ષા લેવાનો ઈન્કાર કરી દીધો હતો. તેમની જાણ વગર તેમને સુરક્ષા આપવામાં આવી હતી.

**દિલ્હીમાં એએપીની જીત બાદ તેની અસર રહેશે**

# બજેટ સત્ર તોફાની બને તેવા સંકેત : ઘણા મુદ્દાઓ છવાશે

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે ફરી એકવાર કેન્દ્રમાં મોદી સરકારને ગરીબલક્ષી બજેટ રજૂ કરવાની ફરજ પડી શકે છે. દિલ્હીમાં અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં એએપીની રેકોર્ડ જીત થયા બાદ મોદી સરકાર કઠોર બજેટ રજૂ કરવાના બદલે સરળ અને ગરીબલક્ષી બજેટ રજૂ કરી શકે છે. આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે ત્યારે આવી સ્થિતીમાં દિલ્હીના ચૂંટણી પરિણામોની અસર ન થાય તે માટે ભાજપને ખાસ લોકલક્ષી યોજના રજૂ કરવી પડશે. દિલ્હીના ગ્રામીણ વિસ્તારના લોકો જમીન વટહુકમને લઈને પણ નારાજ દેખાયા છે. જેથી ભાજપ બજેટ મારફતે એવો સંદેશ આપવાના પ્રયાસ કરશે કે તે ગરીબોની કાળજી લઈ રહી છે. સાથે સાથે કેટલાક વલણને લઈને હળવુ વલણ કરવુ પડશે. વિરોધ પક્ષો આક્રમક બની ગયા છે. મોદી સરકાર હવે દબાણ હેઠળ આવી ગઈ છે. અગાઉ કડક બજેટની તૈયારી હતી. દિલ્હી ચૂંટણીના પરિણામોની સીધી અસર થશે. જો કે નાણાંપ્રધાન અરૂણ જેટલી કહી ચુક્યા છે કે બજેટમાં વધારે કોઈ સુધારા છેલ્લી ઘડીએ કરવામાં આવતા નથી. તેમમે કહ્યું છે કે દિલ્હીમાં સંસ્થાકીય સમસ્યા અને મુદ્દાની અસર સુધારા પ્રક્રિયા પર થવી જોઈએ નહી. સરકારના એજન્ડાને આગળ વધારવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે બજેટ અંગે અંતિમ નિર્ણય પક્ષના નેતાઓ સાથે વાતચીત બાદ કરવામાં આવનાર છે. ફુડ અને ખાતર સબસિડી સાથે સંબંધિત મુદ્દા પર કઠોર નિર્ણય કરવામાં આવી શકે છે,. હવે જનકલ્યાણની યોજનાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવી શકે છે. બેકિંગ સેક્ટરના સુધારા તરફ પણ ધ્યાન આપવામાં આવી શકે છે. દિલ્હી ચૂંટણીમાં હાર બાદ તેની સીધી અસર સરકાર પર દેખાશે. વિરોદ પક્ષો વિવિધ મુદ્દે સરકારને ભીસમાં લેવાના પ્રયાસ કરી શકે છે.

# ખાંડ નિકાસ સબસિડી માટેની રજૂઆત કરાઈ

નવીદિલ્હી, તા. ૧૧

ખાદ્યાન્ન પ્રધાન રામવિલાસ પાસવાને આજે કહ્યું હતું કે, હાલમાં ચાલી રહેલા વર્ષ ૨૦૧૪-૧૫ના માર્કેટિંગ વર્ષમાં શેરડીના ભાગરુપે કેટલીક રાહતો આપવામાં આવે તે જરૂરી છે. ૧.૪ મિલિયન ટન સુધી ખાંડ નિકાસ સબસિડીની તરફેણ પાસવાન દ્વારા કરવામાં આવી છે. એસોચેમ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા પાસવાને કહ્યું હતુંકે, કેબિનેટ નોંધ તૈયાર કરી લેવામાં આવી છે. જો કે, અંતિમ નિર્ણય આ અંગે લેવામાં આવ્યો નથી. વિભાગો દ્વારા અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે પરંતુ ખાદ્યાન્ન વિભાગ માને છે કે, નિકાસ સબસિડી ૧.૪ મિલિયન ટન ખાંડ સુધી મળે તે જરૂરી છે. ૧.૪ મિલિયન ટન ખાંડ નિકાસ હાથ ધરવામાં આવી શકે છે. કારણ કે દેશમાં આ વર્ષે ૨૪.૮ મિલિયન ટનની સ્થાનિક માંગને પહોંચી વળ્યા બાદ પણ જંગી જથ્થો રહે છે. હાલમાં ચાલી રહેલા ૨૦૧૪-૧૫ના માર્કેટિંગ વર્ષમાં ખાંડનું ઉત્પાદન ૨૫ મિલિયન ટન સુધી પહોંચી શકે છે. ટાર્ગેટ કરતા પણ વધુ ખાંડ ઉત્પાદન થઈ શકે છે. ગયા વર્ષે કેન્દ્ર સરકારે નિકાસ માટે સબસિડીની જાહેરાત કરી હતી. ખેડૂતને મદદ મળે તે માટે પણ પગલા લેવામાં આવી શકે છે.

**સ્પાઇસ જેટ દ્વારા ૫૯૯ના ભાડા સાથે ઓફર**

# ટ્રેન કરતા પણ સસ્તી ટિકિટે વિમાની યાત્રા કરવાની તક

**પહેલી જુલાઈથી બીજી ઓક્ટોબર વચ્ચેના પ્રવાસ માટે ૧૧મીથી ૧૩મી ફેબ્રુઆરી વચ્ચે બુકિંગ**

નવી દિલ્હી,તા. ૧૧

લોકોસ્ટ કેરિયર સ્પાઈસ જેટે ટ્રેન કરતા પણ સસ્તા ભાડે વિમાની સેવા શરૂ કરી છે. ટિકિટ વેચાણ વધે તે હેતુસર આ સેવા શરૂ કરવામાં આવી છે. સ્થાનિક પ્રવાસ માટે ૫૯૯થી ભાડાની શરૂઆત કરવામાં આવી છે. વિદેશી ફ્લાઈટ માટેનું ફાડુ ૩૪૯૯ રાખવામાં આવ્યું છે. આશરે ચાર લાખ સીટની ઓફર કરવામાં આવનાર છે. ૫૯૯ રૂપિયા માટે ૧૦૦૦૦૦ ટિકિટ વેચવામાં આવનાર છે. પહેલી જુલાઈથી બીજી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં પ્રવાસ માટે ૧૧થી ૧૩મી ફેબ્રુઆરી દરમિયાન બુકિંગ કરવામાં આવ્યું છે. કંપની દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદીમાં આ મુજબની વાત



કરવામાં આવી છે. સ્થાનિક રુટ ઉપર ટિકિટમાં વિજયવાડાથી હૈદરાબાદ, ગુવાહાટીથી કોલકાતા, બેંગ્લોરથી હૈદરાબાદ, દિલ્હીથી દેહરાદૂન, અમદાવાદથી મુંબઈનો સમાવેશ થાય છે.

તમામ ટિકિટના ભાવ ૫૯૯ રૂપિયા રહેશે જ્યારે દિલ્હીથી કાઠમંડુ અને અન્ય રુટ ઉપર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ભાડુ ૩૪૯૯ રૂપિયા રહેશે. જો કે, કોલંબો, કાબૂલ અને દુબઈ-અમદાવાદ-દુબઈ સેક્ટર ઉપર આ ભાડા લાગુ થશે નહી. ચીફ ઓપરેટિંગ ઓફિસર સંજીવ કપૂરે કહ્યુંછે કે, સ્પાઈસ જેટમાં અમે માનીએ છીએ કે સીટો ખાલી રહે છે તેના ભાગરુપે આ નિર્ણય કરવામાં આવી રહ્યો છે. ખાલી સીટો રહે તેના કરતા ઓછી કિંમતે આ ટિકિટો ભરાય તે જરૂરી છે. સરેરાશ ખર્ચ મેળવી શકાય છે. આવી ઓફરથી રેવન્યુની આવકથી એરલાઈન માટેની આવકમાં વધારો થઈ શકે છે.

**આયર્લેન્ડના ખેલાડીનો રેકોર્ડ છે**

## વર્લ્ડકપમાં ઝડપી સદી ઓબ્રાયનના નામ પર

નવીદિલ્હી,તા.૧૧

વિશ્વકપ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ આયર્લેન્ડના કેવીન ઓ બ્રાયનના નામ ઉપર છે. ઓબ્રાયને ૨૦૧૧ના વર્લ્ડકપમાં ૫૦ બોલમાં છ છગ્ગા અને ૧૩ ચોગ્ગાની મદદથી સદી ફટકારી હતી. આ અગાઉ આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના મેથ્યુ હેડનના નામે હતો. એકંદરે સૌથી ઝડપી વનડે સદીની વાત કરવામાં આવે તો આફ્રિકાના ડિવિલિયર્સના નામે છે. ડિવિલિયર્સે હાલમાં જ વિન્ડિઝ સામે ૩૧ બોલમાં સદી ફટકારીને નવો ઈતિહાસ સર્જ્યો હતો.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં ૧૦૦ ગામોમાં ગૌચર વિકાસ પ્રોજેક્ટ શરૂ થશે.
- ગુજરાતમાં પાચ મહિના સુધી દુધનો ભાવ વધારો થવાની શકયતા નથી.
- અમદાવાદમાં પાસપોર્ટ કચેરીમાં ૯૦૦૦ પાસપોર્ટની પડતર અરજીઓ.
- રાષ્ટ્રીય રમતોમાં ગુજરાતનો શાનદાર દેખાવ.
- ભાવનગરની જેલમાં કેદીઓએ પૈસા નહીં આપતા માર માર્યાનો આક્ષેપ. માનવ અધિકાર પંચની તપાસ.
- બોટાદમાં ધોળા દિવસે યુવાન પર ગોળીબાર થતા લોકોમાં ભયનું વાતાવરણ.
- ગુજરાતમાં એસ.ટી. વિભાગને વોટસએપ દ્વારા ફરિયાદ કરી શકાશે. ૯૯૭૮૯ ૫૩૦૦૮.
- સુરતમાં ૨૦૦ કરોડનું વેટ ચોરીનું કેમિકલ અને યાર્નમાં કોભાંડ ઝડપાયું.
- મોરબીમાં ઉદ્યોગપતિની કારમાંથી ૩૦ લાખની રોકડની ઉઠાંતરી.
- અમદાવાદના નવ જીવન પ્રેસમાં ગાંધી થાળી હિટ પુરવાર થઈ. રવિવારે ત્રણ વખત રસોઈ બનાવી.
- ગુજરાતમાં ૯ વર્ષથી સરકારી કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા લેવાઈ નથી.
- રાજકોટમાં આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનો પ્રારંભ.
- ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના પૌત્ર આદર્શ શાસ્ત્રી આપની ટિકિટ પર જીત્યા.
- વિરમગામમાં કોલેજના આચાર્યને માર મારી હત્યા કરવાનો પ્રયાસ.
- પ્રથમ પત્નીની હયાતીમાં બીજા લગ્ન સંપૂર્ણ પણે ગેરકાનુની-સુપ્રીમ.
- વસંતઋતુમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધી શકે છે.
- પુત્રના વિકાસમાં પિતાની મોટી ભૂમિકા હોય છે - સર્વેક્ષણનો દાવો.

## મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)

જાપાનની અન્ય એક વિજ્ઞાન સંસ્થા 'લાઈફ સાયન્સ ફાઉન્ડેશન' અને 'જાપાન લાઈફ કંપની લિ.' દ્વારા 'ટોટલ સ્લિપીંગ સીસ્ટમ' પ્રોડક્ટ બનાવવામાં આવી છે જેને મેગ્નેટિક બેડ કહે છે. આમાં વપરાતા મેગ્નેટ વિશ્વના તમામ મેગ્નેટ કરતાં જુદાં છે.આ મેગ્નેટો રબરાઈઝડ અને બાયપોલર છે. એક જ સરફેસ (સપાટી) ઉપર ઉત્તરધ્રુવ અને દક્ષિણ ધ્રુવ વાળા મેગ્નેટો વિશિષ્ટ કાર્યશક્તિવાળા છે. છેલ્લા ૪૦ વર્ષથી આ મેગ્નેટનું ડુપ્લીકેશન શક્ય નથી બન્યું. આ ટોટલ સ્લીપીંગ સિસ્ટમ (ટીએસએસ)ના પેડમાં બાયપોલર મેગ્નેટિક વાયર, તકિયામાં ૪૧ અને ક્વીલ્ટ (રજાઈ)માં ૯૬ મેગ્નેટીક છે. આ ત્રણેયનો એક સાથે સુતી વખતે ઉપયોગ કરવાથી એક મેગ્નેટિક ફિલ્ડ (ચુંબકીય ક્ષેત્ર) રચાય છે. ઉપર નીચે ચુંબકીય તરંગોના ફૂવારા છૂટે છે, વચ્ચે આપણું શરીર આવતું હોવાથી બધા જ પ્રકારના રોગોને તાત્કાલિક અસર થાય છે જે એક મેડિકલ ડિવાઈસના રૂપમાં કાર્ય કરે છે. આ સીસ્ટમને જાપાન, કોરિયા અને થાઈલેન્ડની હેલ્થ મિનીસ્ટ્રીએ હેલ્થ પ્રોડક્ટના રૂપમાં એપ્રુવ્ડ પણ કરી છે અને ભારતમાં પણ માન્યતા મળેલ છે. આ ટીએસએસ પ્રોડક્ટ માનવ શરીરને ત્રણ રીતે ઉપયોગી બને છે એક તો બ્લડ સરક્યુલેશન નોર્મલ બનાવે છે. શરીરના તાપમાનને કંટ્રોલ કરે છે અને એક્સુપ્રેશરની પણ સારવાર આપોઆપ મળે છે. આ કંપનીનો દાવો છે કે વિશ્વમાં ૫૦ લાખથી પણ વધુ લોકો આ પ્રોડક્ટ વાપરીને પોતાની હેલ્થ મેળવે છે. ગુજરાતમાં પણ ઘણા બધા આ હેલ્થ પ્રોડક્ટ વાપરે છે. આ પ્રોડક્ટથી વર્ષો જૂનો ડાયાબિટીસ, પેરેલિસિસ, કમળો, પગની પીંડીનો અસહ્ય દુઃખાવો, માઈગ્રેન, કમર, ગરદન, પગ, શરીર, માથું... વગેરેના કાયમી દુઃખાવો કાયમને માટે હલ થયો હોવાના ઉદાહરણો છે. આ મેગ્નેટિક બેડ છેલ્લા ૧૦ વર્ષથી હું પણ નિયમિત વાપરું છું અને મને અનેક સારા પરિણામો મળ્યા છે. એક લાખ રૂપિયાની કિંમતનું આ જાદૂઈ ગાદલું આધુનિક યુગમાં એક ચમત્કાર છે..

આમ, આ રીતે જોઈએ તો વર્તમાન સમયમાં ચુંબકત્વનું મહત્વ અનિવાર્ય છે. વિશ્વના તમામ દેશોમાં ચુંબકીય ચિકિત્સાને એક ખાસ પ્રકારનો દરજ્જો મળ્યો છે. આ ચિકિત્સા કોઈ જાદુ નથી પણ પ્રકૃતિના નિયમોને આધારિત છે. આ ચુંબક ચિકિત્સા એક વિસ્તૃત વિષય છે એમાં ઘણું બધું ઊંડાણ છે. એ માત્ર એકાદ બે લેખો કે પુસ્તકો વાંચવાથી સંપૂર્ણજ્ઞાન મેળવવું અઘરું છે.

નોંધ : લોહચુંબકની ઓળખ : લોહચુંબકને દોરીથી લટકાવો ત્યારબાદ જે છેડો ઉત્તર દિશા તરફ સ્થિર થાય તે ઉત્તર ધ્રુવ અને જે છેડો દક્ષિણ દિશા તરફ સ્થિર થાય તે દક્ષિણ ધ્રુવ.

## દિલ્હી ચૂંટણી : ૬૬ મહિલા પૈકીની માત્ર છની જીત થઈ

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામ ગઈકાલે જાહેર કરવામા આવ્યા બાદ એએપીએ ઈતિહાસ રચીને રેકોર્ડ જીત મેળવી હતી. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૬૬ મહિલા ઉમેદવારો મેદાનમાં હતી જે પૈકી માત્ર છ મહિલા ઉમેદવાર જીત મેળવી શકી છે. જે પૈકી તમામ છ મહિલા એએપીની છે. ૭૦ સભ્યોની વિધાનસભામાં માત્ર છ મહિલા ઉમેદવારો પહોંચી શકી છે. જે મહિલા ઉમેદવાર જીત મેળવી લેવામાં સફળ રહી છે તેમાં રાખી બિરલા, વન્દના કુમારી, સરિતા સિંહ, અલકા લામ્બા અને પ્રમિલા તોકાસ તેમજ બાવના ગૌર જ જીત મેળવી શકી છે. રસપ્રદ બાબત એ છે કે માત્ર ત્રમ મહિલા ઉમેદવારો જ વર્ષ ૨૦૧૩ની ચૂંટણીમાં જીતી હતી. જે સામે આ વખતે છ મહિલા ઉમેદવારો જીતી છે. એએપીની ૪૯ દિવસની સરકાર હતી ત્યારે બિરલા મહિલા અને બાળ વિકાસ પ્રધાન તરીકે હતી. તેઓ મંગોલપુરીમાંથી મેદાનમાં હતા. એએપીની મહિલા ઉમેદવારો જીતી જતા પાર્ટીને રાહત થઈ છે. સાથે સાથે પાર્ટી ભાવિ યોજના તૈયાર કરવામાં લાગી ગઈ છે.

# ફંડિંગ વિવાદમાં એએપીને આવકવેરાની અંતે નોટિસ

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૭૦ પૈકીની ૬૭ બેઠકો જીતીને ઈતિહાસ સર્જનાર એએપી સામે મુશ્કેલીઓની શરૂઆત થઈ ગઈ છે. કારણ કે આવકવેરા વિભાગે આજે તેના દ્વારા મેળવવામાં આવેલા દાનના મામલે પાર્ટીને નોટિસ ફટકારી દીધી છે. અહેવાલ મુજબ આવકવેરા વિભાગે ૧૬મી ફેબ્રુઆરી સુધી આ કેસના સંબંધમાં એએપીના જવાબની માંગ કરી છે. આઈટી વિભાગે ફરિયાદ કરવામાં આવ્યા બાદ નોટિસ ફટકારી છે. એએપીથી અલગ પડેલા એવીએએમ દ્વારા અપીલ કરવામાં આવ્યા બાદ આ નોટિસ ફટકારવામાં આવ્યા બાદ ચાર શંકાસ્પદ કંપનીઓ મારફતે ગયા વર્ષે બે કરોડ રૂપિયા મેળવવાનો કેજરીવાલ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો. જો કે, એએપી ગ્રુપ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને ફગાવી દીધો હતો અને આ મામલામાં સીબીઆઈ સહિતની વિવિધ તપાસ સંસ્થાઓ મારફતે તપાસ કરવાની કેન્દ્રને પડકાર ફેંક્યો હતો. એવીએએમે દાવો કર્યો હતો કે, ગયા વર્ષે ૧૫મી એપ્રિલના દિવસે એએપીને આ રકમ આપવામાં આવી હતી. એવીએએમના કરણસિંહ અને ગોપાલ ગોયેલે આક્ષેપ કર્યો હતો કે, ૫૦-૫૦ લાખ રૂપિયાનું દાન મળ્યું હતું અને ચાર જુદી જુદી કંપનીઓ તરફથી એએપીના ખાતામાં આ રકમ જમા કરવામાં આવી હતી. એએપીએ આને વિધાનસભાની ચૂંટણી પહેલા તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના કૃત્ય તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી હતી. એએપીના નેતા યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, અમે તપાસ માટે પહેલાથી જ તૈયાર હતા.

# ભરતીની પ્રક્રિયા તીવ્ર બનવાના સંકેત

નવી દિલ્હી,તા.૧૧

દેશમાં આર્થિક તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભરતીની પ્રક્રિયામાં તેજીની આશા જાગી છે. નરેન્દ્ર મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ ઝડપી સુધારાની દિશામાં આગળ વધી રહી છે. સાથે સાથે વૈશ્વિક કંપનીઓ પણ ભારત આવી રહી છે. આવી સ્થિતીમાં રોજગાર વધશે. મોદી સરકાર રોજગારને વધારે મહત્વ આપી રહી છે. જુદા જુદા ક્ષેત્રો આશાવાદી દેખાઈ રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે મોટાપાયે ભરતી કરવામાં આવશે. નવા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. સર્વેની વાત માનવામાં આવે તો ૩૦ ટકા કંપનીઓ સ્ટાફમાં વધારો કરવાની યોજના બનાવી રહી છે.જ્યારે એક ટકા કંપનીઓએ સ્ટાફમાં ઘટાડો કરવાની વાત કરી છે. સાથે સાથે નોકરીમાં વધારો થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. ૪૯ ટકા એમ્પોયર્સે ફેરફારનો અંદાજ મૂક્યો છે આવી સ્થિતિમાં નેટ એમ્પ્લોયમેન્ટ આઉટલુક ૨૯ ટકા બેસે છે. ૫૦૦૬ જેટલી કંપનીઓ અને સંસ્થાઓને આવરી લઈને તાજેતરના સમયમાં કરાયેલા સર્વેમાં ઘણી બધી વાત કરવામાં આવી છે.સર્વેની વાત માનવામાં આવે તો વાર્ષિક આધાર પર આમા છ પર્સનટેજ પોઈન્ટનો વધારો થયો છે. અલબત્ત નોર્થન અને વેસ્ટન રિઝનની કંપનીમાં રોજગારની તકો વધારે છે.